## યૂનિવર્સીટી ઓફ કેલિફોર્નિયા, લોસ ઍન્જીલીસ

## સંશોધન અભ્યાસમાં ભાગિદારોના

## હક્કોનું કથન

આ અધિકારો જે પણ વ્યક્તિ કોઇ તબીબી સંશોધન અભ્યાસમાં ભાગ લેશે, તેના અધિકારો છે. સંશોધન અભ્યાસમાં ભાગિદાર તરીકે મારા નીચે મુજબ અધિકારો છે:

1. મને અધિકાર છે કે મને કહેવામાં આવે કે સંશોધનથી શું કરવામાં આવે છે.

2. મને અધિકાર છે કે મને કહેવામાં આવે કે સંશોધનની કઇ પ્રક્રિયાઓ છે, દવાઓ કઇ છે, અને /અથવા ઉપકરણો કયા છે અને કે જો આ માનક આચરણમાં વપરાતા ઉપકરણોથી જુદાં છે.

3. મને અધિકાર છે કે મને કોઇ પણ જોખમો, તકલીફો અથવા આડઅસરો વિષે જાણકારી આપવામાં આવે જે સંશોધનથી પેદા થઇ શકે છે.

4. મને અધિકાર છે કે મને ભાગ લેવાથી પેદા થતા ફાયદાઓ વિષે જાણ કરવામાં આવે.

5. મને અધિકાર છે કે મને બીજા વિકલ્પો વિષે જાણ કરવામાં આવે અને કે એ સંશોધનમાં રહેવાની સરખામણીમાં વધારે સારા અથવા ખરાબ છે. આ વિકલ્પોમાં પ્રક્રિયાઓ, દવાઓ અથવા ઉપકરણો સામેલ હોઇ શકે છે.

6. મને અધિકાર છે કે મને જાણ કરવામાં આવે કે મને કયા પ્રકારની સારવાર મળશે જો સંશોધનથી કોઇ જટિલતાઓ પેદા થાય.

7. મને અધિકાર છે કે મને તક મળે કે હું સંશોધન અથવા પ્રક્રિયા વિષે સવાલ કરી શકું. હું આ સવાલો સંશોધન શરૂ થવા પહેલા અથવા કોઇ પણ સમયે કરી શકીશ.

8. મને અધિકાર છે કે હું સંશોધનનો ભાગ લેવાથી મના કરી શકીશ અથવા એને કોઇ પણ સમયે રોકી શકીશ. આ નિર્ણયથી મારી દેખભાળ પર કોઇ પણ અસર થશે નહીં અથવા કે મારા ડૉક્ટર અથવા સંસ્થા સાથેના સંબંધ પર કોઇ પણ  અસર થશે નહીં.

9. મને અધિકાર છે કે મને સંશોધન માટે સહી કરેલ અને તારીખ લખેલ માહિતીગાર સંમતિ ફોર્મની નકલ આપવામાં આવે.

10. મને અધિકાર છે કે મને કોઇ પણ દબાણ વિના નિર્ણય લેવાની તક મળે કે હું સંશોધન અભ્યાસમાં ભાગ લેવા માંગુ છું કે નહીં.

---------------------------------------------------

જો મારે કોઇ પણ સવાલ અથવા ચિંતા હશે, તો હું શોધકર્તા અથવા તેના સહાયકને પૂછી શકીશ. હું એની સાથે  ંસશોધનના ભાગિદારોની સુરક્ષાના કા ર્યાલય (ઓપીઆરએસ) (Office of the Human Research Protection Program) નો પણ સંપર્ક  કરી શકીશ, જે સંશોધનના ભાગિદારોની સુરક્ષા કરે છે. હું ઓપીઆરએસને આ ંનબર participants@research.ucla.edu 310-825-5344 પર સવારે 8:00 થી સાંજે 5:00 સુધી, સોમવારથી શકર વાર, કૉલ કરીને સંપર્ક  કરી શકીશ. જો હું આ ર કાયાલયને ફોન કરું અને જો મને અંગ્રજીરી અથવા સ્પિનશ નથી આવડતી, તો મારે માટે કોઇ ત ાં ઉપલબ  હશે, જે ભાષાંતર કરશે. હું ઓપીઆરએસને આ સરનામાં પર લખી પણ શકું છું, 10889 Wilshire Blvd., Suite 830, Los Angeles, CA 90095-1406.

05/2021